EDII


The Economic Times (Gujarati)

July 08, 2019
Page No. 02

# સમગ્ર સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનીને ઊભરશે

## ગ્રામીણ સ્તરે પણ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળશે

**હિમાંશુ દરજી**
અમદાવાદ



**સ્ટાર્ટઅપને વેગ આપતું બજેટ**

- એમએસએમઇને કેપિટલ ટેક્સમાં રાહત આપવામાં આવશે તેનો લાભ પણ સ્ટાર્ટઅપને મળશે
- સ્ફુર્તિ સ્કીમ અંતર્ગત પરંપરાગત ઉદ્યોગોના વિકાસ માટે સરકારના પ્રયાસો પ્રશંસનીય પગલું છે

સ્ટાર્ટઅપ માટે એંજલ ટેક્સ અંગેની સ્પષ્ટતા થવાથી આ સેક્ટરને રાહત થઇ છે. એગ્રો-રૂરલ ઈન્ડસ્ટ્રી સેક્ટરમાં ૭૫,૦૦૦ કુશળ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવાની સાથે લાઈવલીહૂડ બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સનો ઉમેરો થતાં સમગ્ર સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વધુ મજબુત બનીને ઉભરશે જે નવા ઉદ્યોગ સાહસિકોનો અર્થતંત્રમાં પ્રવેશ કરાવશે તેમ સ્ટાર્ટઅપ ક્ષેત્રે કાર્યરત અગ્રણીઓનુ માનવું છે.

એંજલ ટેક્સ અંગેનો નિર્ણય સાચા સ્ટાર્ટઅપને ફાયદો કરશે, અને માત્ર એંજલ ઈન્વેસ્ટમેન્ટના નામે ફેક કામગીરી કરનારાને રોકશે તે સારી બાબત છે. એમએસએમઈને કેપિટલ ટેક્સમાં રાહત આપવામાં આવશે તેનો લાભ પણ સ્ટાર્ટઅપને મળશે,તે જ રીતે એક મીનીટમાં લોન વાળી સ્કીમ વધુ અસરકારક રીતે અમલ થાય તો નાના અને ઉદ્યોગમાં કદમ ભરનારાને ચોક્કસ લાભ આપશે. આ રીતે સ્ટાર્ટઅપે જે પ્રોપર્ટી લીધી હોય તેનું વેચાણ કરે તો તેને કેપિટલ ટેક્સ નહીં લાગે તે થોડા મોટા સ્ટાર્ટઅપને ફાયદો કરાવશે તેમ એલએમ ફાર્મસીના અટલ ઈન્ક્યુબેશન સેન્ટરના ઇન્કયુબેશન મેનેજર મહેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, “દેશની ઝડપી આર્થિક વૃદ્ધિને બળ આપવા માટે ઉદ્યોગ સાહસિકતાને કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યું છે. સ્ટાર્ટઅપ્સ માટે વિશેષ ટેલિવિઝન ચેનલ શરૂ કરવાથી તેમને લાભ મળી રહેશે. આંત્રપ્રિન્યોરશીપ ઈકોસિસ્ટમ ચોક્કસપણે વધુ સક્રિય બનશે તથા સ્ટાર્ટઅપ વૃદ્ધિદરમાં નોંધપાત્ર વધારો થશે.

સ્ફુર્તિ સ્કીમ અંતર્ગત પરંપરાગત ઉદ્યોગોના વિકાસ માટે સરકારના પ્રયાસો પ્રશંસનીય પગલું છે. વધુ કોમન ફેસિલિટી સેન્ટર્સની સ્થાપના, લાઈવલીહૂડ બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સની મદદથી એગ્રો-રૂરલ ઈન્ડસ્ટ્રી સેક્ટરમાં ૭૫,૦૦૦ કુશળ ઉદ્યોગ સાહસિકોની રચના થશે, જેનાથી ગ્રામીણ પ્રદેશો અને ટિયર-૨ અને ટિયર-૩ શહેરોના યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાના જુસ્સાને બળ મળશે. હેલ્થ ફૂડ સ્ટાર્ટ-અપ સત્વરસના સ્થાપક ધાર્મિક પટેલે જણાવ્યું હતું કે, “એકંદરે આ બજેટ પરથી લાગે છે કે ભારત ટૂંક સમયમાં સ્ટાર્ટ-અપ્સ માટેનો સૌથી પસંદગીનો દેશ બની જશે. આગામી દિવસોમાં સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ પણ ખૂબ મજબૂત બનશે અને આગામી પેઢી દ્વારા અમલમાં મૂકાયેલા નવા વિચારોનું સિંચન કરશે. સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા તથા આવકવેરા બારીકાઈપૂર્વક આકારણીમાં રાહત જેવી કેટલીક પહેલ કરાઈ છે.

ગુજરાત યુનિવર્સીટીના જીયુસેક ઈનક્યુબેશન સેન્ટરના સીઈઓ રાહુલ ભાગચંદાનીએ જણાવ્યું હતું કે, “સ્ટાર્ટઅપ માટે એંજલ ટેક્સને લઈને સ્પષ્ટતાઓની જે જરુર હતી તેની જાહેરાત કરાઈ છે, તે જ રીતે હાઉસ પ્રોપ્રટીના નાણાં જો સ્ટાર્ટઅપમાં રોકાવામાં આવે તો આ નાણાં કેપિટલ ગેઈન ટેક્સ નહીં ગણાય તે સ્ટાર્ટઅપ માટે સારી બાબત છે. આ ઉપરાંત સ્ટાર્ટઅપ માટે ચેનલની શરુ કરવાની જાહેરાતએ સ્ટાર્ટઅપ અને ઈનોવેશનની માહિતી ગ્રામ્ય સ્તરે પહોંચાડશેજે ઘણીજ હકારત્મક બાબત છે.”